

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### જિલ્લામાં ૩૧૮૯૮૧૬૭ ક્ષેત્રફળ ચોમી જમીન માટે બિનખેતીની પરવાનગી મેળવવા અરજી

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવા અરજીઓ મળી વિરમગામની ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે મહેસુલ મંત્રીએ રજુ કરેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૩૧૮૯૮૧૬૭ ક્ષેત્રફળ ચો મી જમીન માટે બિનખેતીની પરવાનગી મેળવવા અરજી આવી હતી. જયારે આ પૈકી વર્ષ ૨૦૧૮ દરમિયાન ૫૨,૪૧,૬૧૧ ચો મી તેમજ વર્ષ ૨૦૧૯ દરમિયાન ૧,૮૪,૪૦,૯૮૩ ચો મી જમીનમાં બિનખેતીની મંજુરી આપવામાં આવી છે. જયારે આ અન્વયે મહેસુલ વિભાગને પ્રિમિયમ પેટે બે વર્ષમાં ૪૪૮ કરોડ ની આવક થઈ છે.

- **જિલ્લામાં ૧૨૮૪૯ શ્રમિકો બાંધકામ સાઇટ પર કામ કરે છે**

ગાંધીનગર જિલ્લામાં ૧૨૮૪૯ બાંધકામ શ્રમિકો નોંધાયા છે. બાપુનગરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં રોજગાર મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યુ હતુ કે જિલ્લામાં ૧૨૮૪૯ બાંધકામ શ્રમિકો નોંધાયા છે. જયારે બાંધકામ શ્રમિકોને આવાસ બાંધવા માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- **જિલ્લામાંથી લેવાયેલા પાણીના ૧૮૯૩ નમુના પૈકી ૨૪૧ બિનપ્રમાણિત**

ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીના કેટલા નમુના લેવામાં આવ્યા માણસાના ધારાસભ્યએ વિધાનસભા ગૃહમાં રજુ કરેલા પ્રશ્નના જવાબમાં પાણી પુરવઠા મંત્રીએ જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં પાણીના ૧૮૯૩ નમુના લેવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૧૬૫૨ નમુના પ્રમાણિત થયા છે. જયારે ૨૪૧ નમુના બિન પ્રમાણિત થયા છે. જયારે બિન પ્રમાણિત થયેલા પાણીના નમુનાઓ સ્થાનિક સોર્સના છે. રાજય સરકારના અભિગમને અનુલક્ષીને આ તમામ વિસ્તારોને સરફેસ સોર્સ આધારિત જુથ યોજનાઓમાં આવરી લેવામાં આવ્યા છે.

- **રી સર્વેમાં ક્ષતિઓના અંતે બે વર્ષમાં ૬૮૩૯ વાંધા અરજીઓ આવી**

ગાંધીનગર જિલ્લામાં રી સર્વે રેકર્ડ પ્રમોલગેશન બાદ માલુમ પડતી ક્ષતિઓ સુધારવા માટે વાંધા અરજી રજુ કરવાની સમય મર્યાદામાં કેટલી વખત વધારો કરવામાં આવ્યો તેવા માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે મહેસુલ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ આ મામલે બે વખત સમય મર્યાદા વધારવામા આવી છે. ખેડુત ખાતેદારોની જાણકારીને અભાવે વિદેશમાં બહારગામ રહેતા ખેડુતો ખાતેદારો ક્ષતિ સુધારવાની અરજી સમયમર્યાદામાં કરી શકેલ ન હોવાથી ખેડુત ખાતેદારોને હેરાનગતિ ન થાય અને અન્ય હાડમારી ભોગવવી ન પડે તથા ખાતેદારોને વાંધા અરજી કરવાની તક મળી રહે તે કારણસર મુદતમાં વધારો કરવામાં આવ્યો હતો. જયારે જિલ્લામાંથી છેલ્લા બે વર્ષ દરમિયાન ૬૮૩૯ વાંધા અરજીઓ મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરાનાનો વધુ એક શંકાસ્પદ કેસ

**કોરોના માટે આજે વધુ એક દર્દીના નમુના લઈ તપાસ માટે મોકલવામાં આવ્યો : ૧ નો રિપોર્ટ નેગેટીવ : ૪ દર્દીના રિપોર્ટ આવવાના બાકી : જિલ્લામાં કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરમાં ૧૦૦૦ બેડની સુવિધા રહેશે : હાલ ૮૧ વ્યક્તીઓ હોમ કોરોન્ટાઈલ હેઠળ છે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગઈકાલથી દાખલ કરાયેલ કોરોનાના શંકાસ્પદ કેસો પૈકી એક દર્દીને રજા આપવામાં આવી છે. દાખલ કરાયેલ દર્દીમાંથી એક દર્દીનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે. ૪ દર્દીઓના રિપોર્ટ હજુ આવવાના બાકી છે જયારે આજે વધુ એક દર્દીના સેમ્પલ લઈ ચકાસણી માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૮ શંકાસ્પદ દર્દીઓ દાખલ કરાયા હતા. જો કે ક્લીનીકલી તેમને લક્ષણો જણાયા ન હોવાનું હોસ્પિટલના સત્તાવાળાઓનું કહેવું છે.

દરમ્યાન આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં કોરોનાના પગલે જનજાગૃતિ અભિયાન સઘન તંત્ર દ્વારા કરી દેવાયુ છે.

તેમણે આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૧૦૦૦ બેડની ક્ષમતા ધરાવતા હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરો તૈયાર રાખવામાં આવ્યા છે. જિલ્લાના ચારેય તાલુકામાં આ ફેસીલીટી સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં આઈસોલેશન વોર્ડમાં ૭૭ પથારીની સુવિધા છે. આ ઉપરાંત ૨૫ જેટલા વેન્ટીલેટર મશીનો પણ ઉપલબ્ધ છે. તેમણે કહ્યુ કે ગાંધીનગર જિલ્લામાં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા મુસાફરો આવ્યા હોય તો તેમનુ ખાસ ફોલઅપ લઈ તપાસ કરવામાં આવશે તેમજ હોમ કોરોન્ટાઈલ પણ કરાશે.

જિલ્લામાં હાલ હોમ કોરોન્ટાઈન હેઠળ ૮૧ વ્યક્તીઓ છે. આ ઉપરાંત ૭ વ્યક્તિઓ અન્ય જિલ્લામાંથી રિફર થઈ અહિ હોમ કોરોન્ટાઈલ માટે આવેલ છે. જિલ્લામાં વિદેશથી આવેલ પેસેન્જરોની સંખ્યા ૧૬૭ છે. જે પૈકી ૬૫ પેસેન્જરોનું હોમ કોરોન્ટાઈલ પૂર્ણ થયેલ છે.

જિલ્લામાં કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરમાં પુરૂષ અને સ્ત્રી માટે અલગ વોર્ડની સુવિધા કરવામાં આવી છે એટલુ જ નહિ તેમાં ટોયલેટ અને બાથરૂમની વ્યવસ્થા પણ અલગ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે શરૂ કરાયેલ કંટ્રોલરૂમ પર આજે પુછપરછ માટે બે ફોન નોંધાયા હતા.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે ૨૦ જેટલી ટીમો બનાવી ગમે ત્યાં થુંકનાર સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### જિલ્લામાં સ્વાઈન ફલુનો કેસ નોંધાયો

ગાંધીનગર શહેર નજીક સરગાસણ ગામમાંથી આજે એક કેસ સ્વાઈન ફલુનો પોઝીટીવ મળી આવતાં જિલ્લા આરોગ્યતંત્રએ આંચકો અનુભવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા ઘણા સમયથી સ્વાઈન ફલુના કેસ ગાંધીનગરમાં જણાયા નથી. આજે આ પહેલો કેસ આવ્યો છે. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને જનજાગૃતિ અભિયાનને સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

### સ્વીમીંગ પુલ, થિયેટર, વોટરપાર્ક તેમજ સર્કસને બંધ કરવા આદેશો

ગાંધીનગર જિલ્લામાં આવેલ તમામ સ્વીમીંગ પુલ જે ચાર જેટલા છે તે, નવ સિમેમા હોલ, ઉપરાંત માણસા તાલુકામાં ચાલતા બોમ્બે સર્કસ, સ્વપ્રસૃષ્ટિ વોટર પાર્ક, અલુવા હિલ્સ રિસોર્ટ તાત્કાલિક અસરથી ૨૯ માર્ચ સુધી બંધ રાખવાના આદેશો જિલ્લા કલેક્ટરશ્રીએ કર્યા છે.




## શહેરમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો

**મહત્તમ તાપમાન ૩૭.૪ પહોંચ્યુ : વાતાવરણ પલ્ટા બાદ છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનુ જોર વધ્યુ હતુ : બે દિવસથી મહત્તમ તાપમાન વધતા બપોરનો તાપ વધુ આકરો બન્યો**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી ગરમીની મિશ્ર ઋતુ અનુભવતા નાગરિકો મોસમના મિજાજથી પરેશાન છે. થોડા સમય અગાઉ સર્જાયેલા વાદળિયા વાતાવરણ અને વરસાદી ઝાપટા બાદ વાતાવરણમાં ફરી શિયાળો જામી ગયો હોય તેવી અસર વર્તાતા મોસમનો નઝારો બદલાઈ ગયો હતો. જેના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. હાલ કોરોના વાયરસના કહેર વચ્ચે બેવડી ઋતુની અસરથી પણ સામાન્ય વાયરલના દર્દીઓ પણ વધુ છે. આવા સંજોગોમાં લઘુત્તમ તાપમાન પણ છેલ્લા કેટલાક દિવસોથી ૧૫ ડીગ્રીની અંદર રહેતુ હતુ જેના લીધે વહેલી સવારે તેમજ રાત્રિના સમયે ગુલાબી ઠંડીનો અહેસાસ કરતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. માર્ચના મધ્યમાં પણ હજુ ગરમીની મોસમ જામી નથી. અલબત્ત ગત દિવસોમાં બે દિવસ ગરમીનો પારો ઉંચે ચઢયા બાદ વાતાવરણ પલ્ટાના અંતે ગરમી અદ્રશ્ય થઈ ગઈ હતી. જયારે છેલ્લા બે દિવસથી ફરી એકવાર મોસમમાં ગરમીનો પારો ઉંચે ચઢી રહ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે ગઈકાલ વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધ્યુ હતુ જયારે મહત્તમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર

### ડો. સી.જે. ચાવડા ગાંધીનગર પરત ફર્યા : આંખમાં ઈન્ફેક્શન થયુ

ગાંધીનગર, તા. ૧૭

જયપુર ગયેલા ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાની તબિયત આજે બગડતાં તેઓ બપોરના ગાંધીનગર પરત આવવા નીકળ્યા છે.

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર સાથે તેઓ પરત આવી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે ડૉ. ચાવડાની આંખમાં ઈન્ફેક્શન થયુ છે અને તે ગંભીર પ્રકારનું જણાઈ રહ્યુ છે. તબીબોએ તેમને આરામની સલાહ આપી હોવાનું જાણવા મળેલ છે.

**ગાંધીનગર માટે**
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
**ફક્ત ફોન કરો**
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
**મો. : ૯૭૧૪૧૯૮૩૬૬**

# રાજ્યસભા માટે કોંગ્રેસ હજુ અસમંજસ

**કોંગ્રેસના ઉમેદવાર મુદ્દે હજુ અસમંજસ : અટકળોનો દોર : સોનિયા ગાંધી અંતિમ નિર્ણય કરવા માટે તૈયાર : રાજ્યસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના પાંચ ધારાસભ્યોના રાજીનામા બાદ કોઇ એકના ફોર્મને લઇ સર્જાયેલી દુવિધા**

ગાંધીનગર,તા. ૧૭

રાજયસભા ચૂંટણીના ઉમેદવારી ફોર્મ ભરાયા બાદ ગુજરાતમાં રાજકીય ઉથલ પાથલ શરૂ થઈ ગઈ છે. તેમાં પણ કોંગ્રેસના પાંચ ધારાસભ્યોએ રાજીનામા આપતા હવે કોંગ્રેસનું વિધાનસભામાં સંખ્યાબળ ઘટીને ૬૮ પર આવી ગયું છે. જેને પગલે કોંગ્રેસના બે ઉમેદવારોમાંથી એકની હાર થઈ શકે છે. જેથી કોંગ્રેસે હવે રહી સહી પ્રતિષ્ઠા અને ઈજ્જત બચાવવા માટે કોઈ એક ઉમેદવારનું ફોર્મ પાછું ખેંચાવવું કે કેમ તે અંગે કોંગ્રેસમાં હાલ તો ભારે દ્વિધાભરી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. આ સમગ્ર મામલે આજે કોંગ્રેસના ધારાસભ્યો અને નિરીક્ષકો વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બન્ને ઉમેદવારને ચૂંટણી લડાવવી કે પછી કોઈ એકને ઉમેદવારી ફોર્મ પાછું ખેંચાવવું તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. જો કે, રાજયસભાની ચૂંટણી માટે કોંગ્રેસ તરફથી ઉભા રખાયેલા શકિતસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીમાંથી કોઇ એકનું ફોર્મ પાછુ ખેંચાવવું કે કેમ તે અંગેનો અંતિમ નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ શ્રીમતી સોનિયા ગાંધી દ્વારા લેવાશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ મુદ્દે સ્પષ્ટ કર્યુ હતું કે, કોંગ્રેસના બંને ઉમેદવારોને લઈ જે ચર્ચા અથવા તો સ્થિતિ છે, તેને લઈ આખરી નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ સોનિયા ગાંધી દ્વારા લેવામાં આવશે. સંભવત: આજે મોડી રાત સુધીમાં આ અંગેનો નિર્ણય લેવાઈ જવાની શકયતા છે. બંને ઉમેદવારો મુદ્દે આજે મળેલી બેઠક પૂર્ણ થયા બાદ એક લાઈનનો ઠરાવ કરવામાં આવ્યો હતો. હાલ અસમંજસમાં મુકાયેલી કોંગ્રસે ઠરાવ હાઈકમાન્ડને મોકલી દીધો છે, અને હવે અંતિમ નિર્ણય કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી પર છોડ્યો છે. આમ હવે હવે શક્તિસિંહ ગોહિલ કે ભરતસિંહ સોલંકીમાંથી કોને ઉમેદવારી પાછી ખેંચાવવી અથવા તો બંનેને ચૂંટણી લડાવવી

● અનુસંધાન પાન-૭ પર

### કાંધલ જાડેજા રાજ્યસભામાં ભાજપને જ વોટ આપશે

**વ્હીપના ઉલ્લંઘન બદલ સસ્પેન્ડ કરાશે : શંકરસિંહ**

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં રાજ્યસસભાની ચૂંટણીમાં એનસીપીના એક માત્ર ધારાસભ્ય કાંધલ જાડેજાએ કોંગગ્રેસને નહીં પણ ભાજપને વોટ આપવાની કરેલી જાહેરાતના સંદર્ભમાં એનસીપીના ગુજરાતના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ભારપૂર્વક કહ્યું કે અમારા ધારાસભ્યને કોંગ્રેસની તરફેણમાં જ વોટ આપવાનો વ્હીપ અને મેન્ડેટ અપાશે. અને જો તેનું ઉલ્લંઘન કરશે તો નિયમાનુસાર કાંધલ જાડેજાની સામે પક્ષ દ્વારા કડક પગલા લેવામાં આવશે.

એનસીપીના કુતિયાણાના ધારાસભ્ય જાડેજાએ આજે મિડિયા સમક્ષ જાહેર કર્યુ કે ૨૦૧૭ની રાજ્યસભાની ચૂંટણીમાં પણ તેમણે ભાજપને વોટ આપ્યો હતો અને આ વખતે પણ તેઓ ભાજપના ઉમેદવારને જ વોટ આપશે. તેમની આ જાહેરાતના પગલે તરત જ એનસીપી નેતા વાઘેલાબાપુએ જાહેર કર્યુ કે પાર્ટી નિયમોથી ચાલે છે અને પાર્ટી કોંગ્રેસ સાથે સહયોગમાં છે ત્યારે ગુજરાતમાં પણ અમારી પાર્ટીએ કોંગ્રેસને વોટ આપવાનું નક્કી કર્યુ છે.

## કોરોના ઈફેક્ટ :ગાંધીનગર એસટી ડેપો અને ૧૦૦ બસોની સતત સફાઈ થશે

**ડ્રાઇવર કંડકટરને પણ ફરજિયાત માસ્ક પહેરવા સુચના : ડેપો સંકુલની પણ સતત સફાઇ કરાશે**

ગાંધીનગર તા ૧૭

કોરોના વાયરસને ગુજરામાં ફેલાતો અટકાવવા માટે જીજાનથી પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે વાહન વ્યવ્હાર સેવાના ઉપયોગને અનુલક્ષી વાયરસને વેગ ન મળે તે માટે પણ એસ ટી નિગમ સાવધ થયુ છે. એસ ટી તંત્ર દ્વારા ડ્રાઈવર કંડકટરોને માસ્ક પહેરાવાની સાથે એસ બસોની સાફ સફાઈ કરવા માટે પણ આદેશ કરાયો છે. ગાંધીનગર ડેપોની ૧૦૦ જેટલી બસોની પણ યોગ્ય સફાઈ કરીને નિયમિત રીતે ડેપોમાં પણ સફાઈ અભિયાન હાથ ધરાશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં કોરોના વાયરસને અટકાવવા માટે બસોની સફાઈ કરીને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જયારે આ બસોની યોગ્ય સફાઈ પણ કરવામાં આવી રહી છે. ગાંધીનગર ડેપોમાં શહેરી બસ સેવામાં દોડતી ૧૦૦ જેટલી બસોની પણ નિયમિત સફાઈ થાય તેની વિશેષ તકેદારી રાખવા માટે સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત ડ્રાઈવર કંડકટરને પણ માસ્ક પહેરવા માટે કડક સુચના આપી દેવામાં આવી છે. બસોને સેનેટાઈઝરથી કલીન કરીને દોડાવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત ડેપો સંકુલમાં ગંદકી ન થાય તે માટે પણ સતત સફાઈ કરવામાં આવશે. બસોની હાઈ



પ્રોલાઈડ સોલ્યુલર લિકવિડથી સાફ સફાઈ કરવામાં આવશે. જયારે બસમાં થુંકનાર વ્યકિતને પણ રૂ ૫૦૦ નો દંડ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **ચંદુલાલ બાબુલાલ શુક્લ (સી.બી.શુક્લ-હળવદવાળા)** તા.૧૬-૩-૨૦૨૦ને સોમવારના રોજ વૈકુંઠવાસી થયેલ છે. **સદ્દગતની પ્રાર્થનાસભા તા.૧૯-૦૩-૨૦૨૦ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન, રંગમંચ સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર**

નિલેશ સી. શુક્લ (પુત્ર) — દીપિકા કે. વ્યાસ (પુત્રી)
તૃપ્તી નિલેશ શુક્લ (પુત્રવધુ) — કિંજલભાઈ એન. વ્યાસ (જમાઈ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com